सत्य मेव जयते	દાખલ તારીખ :	૧૩/૧૧/૨૦૨૪
	રજી. તારીખ :	૧૩/૧૧/૨૦૨૪
	નિકાલ તારીખ :	૧૮/૦૪/૨૦૨૬
	સમયગાળો :	વર્ષ માસ દિવસ

રાણપુરના મહે. પ્રિન્સીપાલ સિવિલ જજશ્રીની કોર્ટમાં, મુ. રાણપુર, જી.બોટાદ
પરચુરણ દિવાની અરજી નંબર–૦૨/૨૦૨૪

અરજદાર:–

(૧) વર્ષાબેન જગદીશકુમાર વાગડીયા તે ભુલાભાઈ ભોગીલાલ શાહના પુત્રી
ઉ.વ.૫૬, ધંધો–ઘરકામ, રહે.રાણપુર, આંબલીયા ચોરા પાસે, તા.રાણપુર, જી.બોટાદ.

(૨) ગુ. મંગુબેન ભોગીલાલ શાહના સીધીલીટીના અને કાયદેસરના વારસદારો

(૨/૧) અશોકકુમાર નટવરલાલ મોદી.
ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર, રહે.વિરમગામ,
ઠે.ગોપાલ લાલજીની હવેલી પાસે, બાઘાવાડો, વિરમગામ.

(૨/૨) હસમુખભાઈ નટવરલાલ મોદી.
ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર, રહે.અમદાવાદ, ઠે.સી–૨૦૪, બીજો માળ, અદાણી સર્કલ, રામોલ ચાર રસ્તા, રીંગ રોડ, રાજ હોટલ પાસે, અમદાવાદ.

(૨/૩) કોકીલાબેન નટવરલાલ મોદી
તે અરવિંદભાઈ મહેતાના પત્ની
ઉ.વ.પુખ્ત, ધંધો–ઘરકામ, રહે.વડોદરા, ઠે.બી–૨૦૮, રત્નકુંજ હાઈટસ, લાભ ટાવર, ભુલાભાઈ પાર્ક પાસે, રંગ વાટીકા પાછળ, નાની બાપોદ તળાવ પાસે, વૃદાવંન ચાર રસ્તા, વાઘોડીયા, વડોદરા.

(૩) ગુ.લીલાબેન ભોગીલાલ શાહના સીધીલીટીના–કાયદેસરના વારસદારો

(૩/૧) પરીખ હરેશકુમાર કાંતીલાલ.
ઉ.વ.૬૯, ધંધો–વેપાર, રહે.અમદાવાદ, ઠે.એ/૧૦, શ્રીનાથ એપાર્ટમેન્ટ, નીર્મળ બંગ્લોઝ પાસે, સી.ટી.એમ., અમરાઈવાડી, અમદાવાદ–૩૮૦૦૮૦.

(૩/૨) **પરીખ જીતેન્દ્રભાઈ કાંતીલાલ,**
ઉ.વ.૬૫, ધંધો–વેપાર, રહે.અમદાવાદ, ઠે.ઈ–૫૦૫, દીવ્યજીવન સતસંગ, હરીદર્શન ક્રોસ રોડ, સ્વા.મંદીર પાસે, અમદાવાદ.

(૩/૩) **પરીખ પ્રફુલકુમાર કાંતીલાલ**
ઉ.વ.૬૩, ધંધો–વેપાર, રહે.અમદાવાદ, ઠે.ગરીબ આવાસ, બરોડા હાઈવે, મજદાનગર, ચારમાળીયા, અમદાવાદ.

(૩/૪) **પરીખ વનલલીતાબેન વિનોદચંદ્ર**
ઉ.વ.૬૧, ધંધો–ઘરકામ, રહે.અમદાવાદ, ઠે.ઋષિકેશ ફ્લેટ, બી–૫, રતનબા સ્કુલ રોડ, ઘરતી ટેનામેન્ટ, ઠક્કર બાપાનગર, અમદાવાદ.

(૪) **રેણુકાબેન ભોગીલાલ શાહ તે પ્રવિણચંદ્રના પત્ની,**
ઉ.વ. ૬૯, ધંધો–ઘરકામ, રહે. મુંબઈ, ઠે. નંદનવન બિલ્ડીગ, રામચદ્ર લેન, બીજો માળ, રૂમ નં.૧૪, મલાડ (વેસ્ટ), મુંબઈ.

(૫) **ગુ.ભુલાભાઈ ભોગીલાલ શાહના સીધીલીટીના–કાયદેસરના વારસદારો**

(૫/૧) **પ્રકાશભાઈ ભુલાભાઈ શાહ,**
(૫/૨) **પ્રકાશભાઈ ભુલાભાઈ શાહ,**
ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર, રહે.વિરમગામ, બાઘાવાડો, ઠે.ગોપાલ લાલજીની હવેલી પાસે, મહેતાની ખડકી પાછળ, વિરમગામ.

ઈન્ડીયન સકસેસન એકટ–૧૯૫૨ અન્વયે વહીવટીપત્ર મેળવવા અંગે

અરજદાર તરફે વિ.વકીલશ્રી વી. સી. કાકડીયા

–:: જજમેન્ટ ::–

(૧) અરજદારોની અરજીની ટુંકમાં હકીકત:–

અરજદારોની અરજીની ટુંકમા હકીકત એવી છે કે અરજદારો ઉપર બતાવેલ સરનામે રહી વેપાર તથા ઘરકામ કરી તેઓનુ જીવન ચલાવે છે. અરજદારો સ્વ.ભોગીલાલ હરગોવિંદદાસ શાહના સીધીલીટીના વારસદારો સીવાય અન્ય કોઈ વારસદારો છે નહી કે હતા નહી. ગુ.ભોગીલાલના પત્ની વિજયાબેન તથા પુત્રી મંગુબેન તથા લીલાબેન અવસાન પામેલ છે. મંગુબેન તથા લીલાબેનના વારસદારો હાલના કામે અરજદારો છે તેમજ ભોગીલાલના પુત્ર ભુલાભાઈ પણ અવસાન પામેલ છે. તેઓના વારસદારો હાલ અરજદારો છે. પુત્રી કુંદનબેન તથા તેઓના પતિ બાબુલાલ નિ:સંતાન અવસાન પામેલ. તેમજ અરજદારના કાકા ચીનુભાઈ ઉર્ફે ચુનીલાલ સરકારી નોકરીયાત હતા. તેઓ તા.૧૮/૧૧/૨૦૧૯ ના રોજ અવસાન પામેલ છે તેમજ તેઓના પત્ની ભારતીબેન તા.૨૪/૧૧/૨૦૧૧ ના રોજ અવસાન પામેલ છે. બંને નિ:સંતાન હતા. તેઓના અન્ય કોઈ વારસદારો છે નહી. ગુજરનાર ચુનીલાલ તથા ભારતીબેનની નીચે જણાવેલ સ્થાવર મીલકત આવેલ છે. શ્રી બોટાદ જીલ્લાના તાલુકે રાણપુર ના ગામ મોજે રાણપુરના સીટીસરવે નં.૧૪૫૭, શીટ નં.૩૩/૬, ચોમી. ૪૨.૯૦૮૪ વાળી સતા પ્રકાર–અ થી નોંધાયેલ મીલકત જે અરજદારોના કાકા ચીનુભાઈ ભોગીલાલ શાહ તથા ભારતીબેન ચીનુભાઈ શાહના નામજોગ નોંધાયેલ છે. જે ગુજરનાર ચીનુભાઈએ રજી.વે.દ.નં.૯૯૨/૯૦ તા.૧૪/૧૧/૧૯૯૦ થી કાંતીલાલ જાદવભાઈ પાસેથી ૩.૮૦૦૦/– માં વેચાણ રાખેલ તે મીલકત આવેલ છે.

ઉપર જણાવેલ વર્ણનવાળી મીલકત સિવાય ગુજરનારની અન્ય જંગમ મીલકત ગામ મોજે રાણપુર મુકામે પેન્શન એકાઉન્ટ તેમજ સેવિગ્સ એકાઉન્ટ આવેલ છે. જે મીલકત લગત અરજદારોએ નામદાર અદાલત સમક્ષ વારસા સર્ટી. મેળવવા ઈન્ડીયન સકસેકશન એકટની કલમ–૩૭૨ અન્વયે અલગથી અરજી દાખલ કરેલ છે. ગુજરનારના માત્ર સગાબેન રેણુકાબેન હયાત છે. લીલાબેન, મંગુ બેન તથા કુંદનબેન અવસાન પામેલ છે. અમો અરજદાર નં.૧ ના નામજોગ ઉપર જણાવેલ સ્થાવર જંગમ મીલકતનુ સકસેશન સર્ટીફીકેટ કાઢી આપવામા આવે તો અરજદાર નં.૨ થી ૫ ને કોઈ વાંધો કે તકરાર કે હરકત સરખુ નથી.

અરજદારોને આ વહીવટપત્ર (વારસાસર્ટી) આપવા સામે કે આપવામા આવે તો તેની કાયદેસરતા સામે ઈન્ડીયન સકશેશન એકટ અથવા આ કાયદાની બીજી કોઈ કલમનો બાધ નડતો નથી કે કાયદાના પ્રબંધોથી રુકાવટ થાય તેમ નથી તેથી અરજદારોના નામે સંયુકત રીતે વહીવટપત્ર (વારસાસર્ટી) આપવા ન્યાયના હિતમા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) જાહેરનામુ :–

સદર અરજી વંચાણે લઈ આંક–૧ નીચે ''અરજદારની અરજી વંચાણે લીધી, અરજદારના વિ.વ.શ્રી વી.સી. કાકડીયાને સાંભળ્યા, સદર અરજીને દિ.પ.અરજી તરીકે રજીસ્ટરે લેવી અને અરજદારે પોતાના ખર્ચે રાણપુર તાલુકામાં તથા રાણપુર ગામ બોટાદ તાલુકામા (બોટાદ જિલ્લામા) બહોળી પ્રસિધ્ધી ધરાવતા વર્તમાનપત્રમા દિન–૩૦ ની જાહેર નોટીસ પ્રસિધ્ધી થવા માટે અરજદારે આપવી તથા દિન–૩૦ ની મુદત ધ્યાને લઈ અરજદારોએ વર્તમાન પત્રની કોપી અત્રેની કોર્ટમા રજુ કરવી.

(૩) અરજદારોનો પુરાવો:–

અરજદારો તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલો છે:–

(૩.૧) મૌખિક પુરાવો:–

ક્રમ	અંક	વિગત
(૧)	૦૮	અરજદાર વર્ષાબેન જગદીશભાઈ વાગડીયાનુ સોગંદનામુ
(૨)	૧૧	અરજદાર અશોકકુમાર નટવરલાલ મોદીનુ સોગંદનામુ
(૩)	૧૨	અરજદાર કોકીલાબેન નટવરલાલ મોદીનુ સોગંદનામુ
(૪)	૧૩	અરજદાર હરેશકુમાર કાંતીલાલ પરીખનુ સોગંદનામુ
(૫)	૧૪	અરજદાર જીતેન્દ્રભાઈ કાંતીલાલ પરીખનુ સોગંદનામુ
(૬)	૧૫	અરજદાર પ્રફુલકુમાર કાંતીલાલ પરીખનુ સોગંદનામુ
(૭)	૧૬	અરજદાર વનલલીતાબેન વિનોદચંદ્ર પરીખનુ સોગંદનામુ
(૮)	૧૭	અરજદાર રેણુકાબેન ભોગીલાલ શાહનુ સોગંદનામુ
(૯)	૧૮	અરજદાર પ્રકાશભાઈ ભુલાભાઈ શાહનુ સોગંદનામુ
(૧૦)	૧૯	અરજદાર સુનીલભાઈ ભુલાભાઈ શાહનુ સોગંદનામુ
(૧૧)	૨૦	અરજદાર હસમુખભાઈ નટવરલાલ મોદીનુ સોગંદનામુ

(૩.૨) દસ્તાવેજી પુરાવો:–

ક્રમ	વિગત	અંક
૧	વિજયાબેનનુ મરણ પ્રમાણ પત્ર	૨૧
૨	કુંદનબેનનુ મરણ પ્રમાણ પત્ર	૨૨
૩	ચીનુભાઈ ઉર્ફે ચુનીલાલનુ મરણ પ્રમાણ પત્ર	૨૩

૪	ભારતીબેનનુ મરણ પ્રમાણપત્ર	૨૪
૫	ભુલાભાઈનુ મરણ પ્રમાણપત્ર	૨૫
૬	કાંતાબેનનુ મરણ પ્રમાણપત્ર	૨૬
૭	મંગુબેનનુ મરણ પ્રમાણપત્ર	૨૭
૮	લીલાબેનનુ મરણ પ્રમાણપત્ર	૨૮
૯	જાહેર પ્રસિધ્ધી	૨૯
૧૦	પેઢીનામુ	૩૦
૧૧	સીટીસરવે નં.૧૪૫૭ નુ પ્રોપર્ટીકાર્ડ	૩૧
૧૨	કલોજીંગ પુરશીશ	૩૨

(૩.૩) વધુમા આ કામે અરજદારો દવારા આંક–૧૧ થી ૨૦ સુધીના પુરાવાના સોગંદનામાઓ રજુ કરવામા આવેલા છે જેમા તેઓએ અરજીમા જણાવેલ તમામ હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ કરેલ છે.

(૩.૪) સદર કામે હાલની આ અરજદારો દવારા કરવામા આવેલ અરજી તથા તે લગત દૈનિક વર્તમાનપત્રમાં આપવામા આવેલ જાહેરાત અને તે જાહેર નોટીસની કોપી સદર કામે સામેલ રાખવામા આવેલ છે. સદર જાહેર નોટીસ પ્રસીધ્ધ થયા બાદ અરજદારોની અરજી સામે કોઈપણ વ્યકિત કે ઈસમ દવારા અત્રેની કોર્ટ રુબરુ ઉપસ્થિત થઈ કોઈ પણ જાતનો વાંધો કે તકરાર રજુ કરેલ નથી. તે નોટીસને સદર કામે માર્ક: થી રજુ રાખવામા આવેલ છે.

(૩.૫) આ કામના વાદી ધ્વારા ઉપરોકત મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજુ થયા બાદ **આંક–૩૨** થી વાદી તરફે કોઈ વધુ પુરાવો રજુ કરવો નથી તે બાબતની **કલોઝીંગ પુરસીસ** રજુ કરેલ છે.

(૪) પુરાવાનુ મુલ્યાંકન :–

અરજદારોની અરજીમા જણાવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાં કન અને ન્યાય નિર્ણય કરી નિકાલ કરતા પહેલા સિવિલ મેન્યુઅલના પેરા–૨૫૪ અને ૨૫૫ વંચાણે લેવામા આવે તો .....

Para 255: under section 265 of the Indian Succession Act, 1925, the High Cout has appointed all civil judges to act for the District Judge as delegated to grant probat and letter of administration in non-continuous cases arising within the local limits of their respective jurisdiction.

Para 255: dated the 25th October, 1980, issued under section 26 (1) of the Succession Certificate Act (VII of 1989), and printed at page 1259 of the Bomby Local Rules and Others under central Acts, Volume I, 1953 edition, under which all civil Judges are in this state have for the purpose of the said Act been invested with the functions of a District Court. The Notification has also the effect of investing Civil Judges with the power to hear applications made under section 2 of Bombay Regulation, VII of 1827. Although the Succession Certificate Act, 1889, has been repealed, the Applications under Notification dated 25th October, 1980, remains in force by virtue of section 24 of the General Clauses Act, 1897. section 2 of Regulation VII of 1827 can be entertained by Civil Judges directly of when transferred to them by the District Judges.

ઉપરોકત જણાવેલ સિવિલ મેન્યુઅલના પેરાઓ વંચાણે લેતા હાલની આ અરજી ચલાવવાની સત્તા અને હકુમત અત્રેની કોર્ટને હોય અને સદર અરજી અત્રેની કોર્ટના જયુરીડીકશનમા આવતી હોય તેથી મજકુર અરજીના ન્યાય નિર્ણય માટે ઈન્ડીયન સકશેશન એકટ–૧૯૨૫ ની નીચે મુજબની જુદી જુદી કલમો ધ્યાને લેવી આવશ્યક બની રહે છે.

Section:- 211 in The Indian Succession Act, 1925

(1) The executor or administrator, as the case may be, of a deceased person is his legal representative for all purposes, and all the property of the deceased person vests in him as such.

(2) When the deceased was a Hindu, Muhammadan, Buddhist, 1[Sikh, Jaina or Parsi] or an exempted person, nothing herein contained shall vest in an executor or administrator any property of the deceased person which would otherwise have passed by survivorship to some other person.

Section:-212 in The Indian Succession Act, 1925

(1) No right to any part of the property of a person who has died intestate can be established in any Court of Justice, unless letters of administration have first been granted by a Court of competent jurisdiction.

(2) This section shall not apply in the case of the intestacy of a Hindu, Muhammadan, Buddhist, Sikh, Jaina, 1[Indian Christian or Parsi].

Section:- 213 in The Indian Succession Act, 1925

(1) No right as executor or legatee can be established in any Court of Justice, unless a Court of competent jurisdiction in 1[India] has granted probate of the Will under which the right is claimed, or has granted letters of administration with the Will or with a copy of an authenticated copy of the Will annexed. 2[(2) This section shall not apply in the case of Wills made by Muhammadans 3[or Indian Christians], or and shall only apply—

(i) in the case of Wills made by any Hindu, Buddhist, Sikh or Jaina where such Wills are of the classes specified in clauses (a) and (b) of section 57; and

(ii) in the case of Wills made by any Parsi dying, after the commencement of the Indian Succession (Amendment) Act, 1962 (16 of 1962), where such Wills are made within the local limits of the 4[ordinary original civil jurisdiction] of the High Courts at Calcutta, Madras and Bombay, and where such Wills are made outside those limits, in so far as they relate to immoveable property situated within those limits.]

Section:- 218 in The Indian Succession Act, 1925

To whom administration may be granted, where deceased is a Hindu, Muhammadan, Buddhist, Sikh, Jaina or exempted person.

(1) If the deceased has died intestate and was a Hindu, Muhammadan, Buddhist, Sikh or Jaina or an exempted person, administration of his estate may be granted to any person who, according to the rules for the distribution of the estate applicable in the case of such deceased, would be entitled to the whole or any part of such deceased’s estate.

(2) When several such persons apply for such administration, it shall be in the discretion of the Court to grant it to any one or more of them.

(3) When no such person applies, it may be granted to a creditor of the deceased.

Section:- 220 in The Indian Succession Act, 1925

Effect of letters of administration.—Letters of administration entitle the administrator to all rights belonging to the intestate as effectually as if the administration had been granted at the moment after his death.

Section:- 273 in The Indian Succession Act, 1925

Conclusiveness of probate or letters of administration.—Probate or letters of administration shall have effect over all the property and estate, movable or immovable, of the deceased, throughout the State in which the same is or are granted, and shall be conclusive as to the representative title against all debtors of the deceased, and all persons holding property which belongs to him, and shall afford full indemnity to all debtors, paying their debts and all persons delivering up such property to the person to whom such probate or letters of administration have been granted: Provided that probates and letters of administration granted—

(a) by a High Court, or

(b) by a District Judge, where the deceased at the time of his death had a fixed place of abode situate within the jurisdiction of such Judge, and such Judge certifies that the value of the property and

estate affected beyond the limits of the State does not exceed ten thousand rupees, shall, unless otherwise directed by the grant, have like effect throughout 1[the other States 2[***]. 3[The proviso to this section shall apply in 4[India]5 after the separation of Burma and Aden from India to probates and letters of administration granted in Burma and Aden before the date of the separation, or after that date in proceedings which were pending at that date.] 6[The proviso shall also apply in 4[India] 7[***]8 after the separation of Pakistan from India to probates and letters of administration granted before the date of the separation, or after that date in proceedings pending at that date, in any of the territories which on that date constituted Pakistan.]

(૮) હાલની અરજીના કામે અરજદારો દવારા આંક–૧૧ થી ૨૦ સુધીના પુરાવાઓના સોગંદનામાઓ રજુ કરેલા છે તે ધ્યાને લેતા આ કામના અરજદારોના ફોઈ કુંદનબેન તથા ભાઈ ચીનુભાઈ ઉર્ફે ચુનીલાલ તથા ભાભી ભારતીબેન નિર્વત મૈયત થયેલ હોવાનું સ્પષ્ટ જણાવેલ છે. આ તમામ હકીકતોને આંક–૨૧ થી વિજયાબેનનુ મરણ પ્રમાણપત્રની ખરી નકલ તથા આંક–૨૨ થી કુંદનબેનનુ મરણ પ્રમાણપત્રની ખરી નકલ તથા આંક–૨૩ થી ચીનુભાઈ ઉર્ફે ચુનીલાલનુ મરણ પ્રમાણપત્રની ખરી નકલ તથા આંક–૨૪ થી ભારતીબેનનુ મરણ પ્રમાણ પત્રની ખરી નકલ તથા આંક–૨૫ થી ભુલાભાઈનુ મરણ પ્રમાણપત્રની ખરી નકલ તથા આંક–૨૬ થી કાંતાબેનનુ મરણ પ્રમાણપત્રની ખરી નકલ તથા આંક –૨૭ થી મંગુબેનનુ મરણ પ્રમાણપત્રની ખરી નકલ તથા આંક–૨૮ થી લીલાબેનનુ મરણ પ્રમાણપત્રની ખરી નકલ તથા આંક–૨૯ થી જાહેર પ્રસિધ્ધી

તથા આંક–૩૦ થી પેઢીનામાની ખરી નકલ તથા આંક–૩૧ થી સીટી સરવે નં . ૧૪૫૭નુ પ્રોપર્ટી કાર્ડની ખરી નકલથી સમર્થન મળે છે. અરજદારોએ આંક–૩૦ થી ગુજરનાર ભોગીલાલ હરગોવિંદદાસ શાહનું પેઢીનામું રજુ કરેલ છે જેમા આ કામના અરજદારો ગુજરનાર ચીનુભાઈ ભોગીલાલ શાહ અને ભારતીબેન ચીનુભાઈના આડી લીટીના વારસદારો થતા હોવાનું જણાય આવે છે. અરજદારો દવારા રજુ કરવામા આવેલ આંક–૩૧ થી સીટી સરવે નં. ૧૪૫૭નુ પ્રોપર્ટી કાર્ડની ખરી નકલ જોવામા આવે તો આ મિલકત ગુજરનાર ચીનુભાઈ ભોગીલાલ શાહ તેમજ ભારતીબેન ચીનુભાઈનાઓના નામે ચાલતી હોવાનુ સ્પષ્ટ ફલીત થાય છે.

(૯) હવે હિન્દુ વારસા હકક અધિનિયમ ૧૯૫૬ની કલમ: ૮, ૯ અને ૧૧ ધ્યાને લેતા .....

Hindu Succession Act, 1956, Act -8

Son; daughter; widow; mother; son of a pre-deceased son; daughter of a pre-deceased son; son of a pre-deceased daughter; daughter of a pre-deceased daughter; widow of a pre-deceased son; son of a pre-deceased son of a pre-deceased son; daughter of a pre-deceased son of a pre-deceased son; widow of a pre-deceased son of a pre-deceased son.

CLASS II

I. Father.

II. (1) Son's daughter's son, (2) son's daughter's daughter, (3) brother, (4) sister.

III. (1) Daughter's son's son, (2) daughter's son's daughter, (3) daughter's son, (4) daughter's daughter's daughter.

IV. (1) Brother's son, (2) sister's son, (3) brother's daughter, (4) sister's daughter.

V. Father's father; father's mother.

VI.. Father's widow; brother's widow.

VII. Father's brother; father's sister.

VIII. Mother's father; mother's mother.

IX. Mother's brother; mother's sister.

Hindu Succession Act, 1956, Act -9

Order of succession among heirs in the Schedule.—Among the heirs specified in the Schedule, those in class I shall take simultaneously and to the exclusion of all other heirs; those in the first entry in class II shall be preferred to those in the second entry; those in the second entry shall be preferred to those in the third entry; and so on in succession.

Hindu Succession Act, 1956, Act -11

Distribution of property among heirs in class II of the Schedule. —The property of an intestate shall be divided between the heirs specified in any one entry in class II of the Schedule so that they share equally.

હિન્દુ વારસા હકક અધિનિયમ ૧૯૫૬ની કલમ–૮ વંચાણે લેતા હાલના અરજદારો પ્રથમ વર્ગના વારસદારો થતા નથી. પરંતુ બીજા ક્રમના વારસદારો થાય છે. જે ધ્યાને લેતા બીજા વર્ગના વારસદારોમા ગુજરનાર ભાઈ તેમજ

ભાઈના સંતાનો અને ભાઈના પત્નીનો સમાવેશ થઈ જાય છે. જેથી હાલના અરજદારોએ તેમની અરજીમા જણાવ્યા મુજબની મિલકતના બીજા ક્રમના વારસદારો તરીકેનો હકક મેળવવા હકકદાર બનતા હોવાનુ સ્પષ્ટપણે ફલીત થાય છે. આમ, જયારે ગુજરનાર ચીનુભાઈ ભોગીલાલ શાહ અને ભારતીબેન ચીનુભાઈ નાઓ બિનવારસ મૃત્યુ પામેલ હોય, તે સંજોગોમા હાલના અરજદારો ગુજરનાર ચીનુભાઈ ભોગીલાલ શાહ અને ભારતીબેન ચીનુભાઈના હિન્દુ વારસા હકક અધિનિયમ ૧૯૫૬ની કલમ–૮ મુજબના બીજા ક્રમના વારસદાર બને છે તેવુ મારુ માનવું છે. જેથી અરજીમા જણાવેલ વર્ણનવાળી મિલકત અંગેનું વહીવટીપત્ર અરજદાર નં.૧ ના નામજોગ ઉપર જણાવેલ સ્થાવર જંગમ મીલકતનુ સકસેશન સર્ટીફીકેટ કાઢી આપવામા આવે તો અરજદાર નં.૨ થી ૫ ને કોઈ વાંધો કે તકરાર કે હરકત સરખુ નથી જેથી અરજદાર નં.૧ ની તરફેણમા આપવાનુ ન્યાયોચિત જણાઈ આવે છે.

હિન્દુ વારસા હકક અધિનિયમ ૧૯૫૬ની કલમ–૯ વંચાણે લેતા તેમા જણાવેલ છે કે જયારે કોઈપણ પ્રથમ વર્ગના તમામ વારસદારોને બાદ કરતા જેઓ બીજા ક્રમના વારસદારો થાય છે તેઓને વારસાદર તરીકે પ્રાધાન્ય આપવામા આવશે.

હિન્દુ વારસા હકક અધિનિયમ ૧૯૫૬ની કલમ–૧૧ વંચાણે લેતા તેમા જણાવેલ છે કે જયારે કોઈપણ બીજા ક્રમમા આવતા વારસદારો તરીકે જાહેર થાય છે ત્યારે તેઓ મિલકતને સમાન રીતે વહેંચી શકે છે.

આમ, ઉપરોકત કરેલ ચર્ચા અને કલમો ધ્યાને લેતા હાલના અરજદારો પ્રથમ વર્ગના વારસદારો થતા નથી. પરંતુ બીજા ક્રમના વારસદારો થાય છે. જે ધ્યાને લેતા બીજા વર્ગના વારસદારોમા ગુજરનાર ભાઈઓ તેમજ ભાઈના સંતાનો તથા ભાઈના પત્નીનો સમાવેશ થઈ જાય છે. જેથી હાલના અરજદારોએ તેમની અરજીમા જણાવ્યા મુજબની મિલકતના બીજા ક્રમના વારસદારો તરીકે મેળવવા હકકદાર બનતા હોવાનુ સ્પષ્ટપણે ફલીત થાય છે. આમ, જયારે ગુજરનાર ચીનુભાઈ ભોગીલાલ શાહ અને ભારતીબેન ચીનુભાઈ નાઓ બિનવારસ મૃત્યુ પામેલ હોય, તે સંજોગોમા હાલના અરજદારો ગુજરનાર ચીનુભાઈ ભોગીલાલ શાહ અને ભારતીબેન ચીનુભાઈના હિન્દુ વારસા હકક અધિનિયમ ૧૯૫૬ મુજબના બીજા ક્રમના વારસદાર બનતા હોય, તેમજ અરજદારની અરજી દાખલ થયા બાદ તેમજ વર્તમાન પત્રમા નોટીસ આપ્યા બાદ આજદિન સુધી કોઈ પણ ઈસમ દવારા કોઈ વાંધો, વિરોધ કે તકરાર લેવામા આવેલ નથી તેમજ સદર અરજી બિનતકરારી બનેલ હોય અને મંજુર થવાપાત્ર હોય, ગુજરનાર ચીનુભાઈ ભોગીલાલ શાહ અને ભારતીબેન ચીનુભાઈના બીજા ક્રમના વારસદારો તરીકે અરજદાર નંબર.૧ ના નામજોગ ઉપર જણાવેલ સ્થાવર જંગમ મીલકતનુ સકસેશન સર્ટીફીકેટ કાઢી આપવામા આવે તો અરજદાર નંબર.૨ થી ૫ ને કોઈ વાંધો કે તકરાર કે હરકત સરખુ નથી જેથી અરજદાર નં.૧ નાઓને માંગ્યા મુજબનું વહીવટીપત્ર (લેટર ઓફ એડમિનિસ્ટ્રેશન) આપવા અંગે ન્યાયના હિતમા નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

–:: આખરી હુકમ ::–

(૧) અરજદારની હાલની વહીવટીપત્ર મેળવવા અંગેની આ દિવાની પરચુરણ અરજી આથી **મંજુર** કરવામા આવે છે.

(૨) આ કામના અરજદાર નં.૧ નાઓ ગુજરનાર ચીનુભાઈ ભોગીલાલ શાહ અને ભારતીબેન ચીનુભાઈની મોજે રાણપુર તાલુકાના રાણપુર ગામ મુકામેની સીટી સરવે નં. ૧૪૫૭નુ પ્રોપર્ટી કાર્ડવાળી મિકલતના હિન્દુ વારસા હકક અધિનિયમ ૧૯૫૬ની જોગવાઈને આધીન '' બીજા વર્ગના '' વારસદાર છે તેવુ માની જરુરી કોર્ટ ફી સ્ટાંપ રજુ કર્યેથી અરજદાર નં.૧ ના નામનુ વહીવટીપત્ર (લેટર ઓફ એડમિનિસ્ટ્રેશન) ઈસ્યુ કરવું.

(૩) આ કામના અરજદાર નં.૧ નાઓએ દિન–૧૫ મા જરૂરી કોર્ટ ફી સ્ટાંપ રજુ કરવો.

આજ તા.૧૮ મી માહે એપ્રિલ, ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમા વાચી સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૧૮/૦૪/૨૦૨૬
રાણપુર

(એચ. એચ. પટેલ)
પ્રિન્સીપાલ સિવિલ જજ
રાણપુર
જજ કોડ નં.જી.જે.૧૭૨૨